# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) ભારત અને ઇન્ડોનેશિયાએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની ટીકા કરી છે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેલબોર્નમાં- ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે

3) પ્રધાનમંત્રી કાર્યાલયે અલ નીનોની અસર અને તૈયારીના પગલાંની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી

4) હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં ઉત્તર અને દક્ષિણ ભારતના ઘણા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

5) ક્રિકેટમાં, ઇંગ્લેન્ડે નોટિંગહામ ખાતે રમાયેલી ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને 125 રનથી હરાવ્યું.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# INDIA-INDONESIA JOINT STATEMENT

ભારત અને ઇન્ડોનેશિયાએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની ટીકા કરી છે. બંને દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર આતંકવાદનો સામનો કરવા માટે નિર્ણાયક અને સંકલિત પ્રયાસો કરવા હાકલ કરી.

જકાર્તામાં  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો પછી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, બંને નેતાઓએ આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવાની વિનંતી કરી, બંને નેતાઓ આતંકવાદને પ્રોત્સાહન આપતા આતંકવાદ અને હિંસક ઉગ્રવાદને રોકવા અને તેનો સામનો કરવામાં સહયોગને વધુ ગાઢ બનાવવા સંમત થયા.

બંને દેશોએ આતંકવાદ વિરોધી અને આંતરરાષ્ટ્રીય ગુના નિવારણ, સાયબર સુરક્ષા, ઉભરતી ટેકનોલોજી, સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ સુરક્ષા અને અવકાશના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ત્રીજા ભારત-ઇન્ડોનેશિયા સુરક્ષા સંવાદનું સ્વાગત કર્યું.બંને નેતાઓએ આસિયાન-ભારત વેપાર કરારની સમીક્ષા સમયસર પૂર્ણ કરવા માટે પણ હાકલ કરી, હાલની દ્વિપક્ષીય આર્થિક પ્રણાલીને મજબૂત બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. શ્રી  મોદીએ રાષ્ટ્રપતિ સુબિયાન્ટોને ભારતની મુલાકાત લેવા આમંત્રણ પણ આપ્યું.

# PM---INDONESIAN-PARLIAMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયન સંસદને સંબોધિત કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા છે. જકાર્તામાં ઇન્ડોનેશિયન સંસદસભ્યોને સંબોધતા, શ્રી મોદીએ સહિયારા સભ્યતા વારસા, લોકશાહી મૂલ્યો અને ભવિષ્ય માટે સહિયારા દ્રષ્ટિકોણ પર આધારિત દ્વિપક્ષીય સંબંધોના નવા યુગની હાકલ કરી.

તેમણે વિકાસશીલ દેશોનું પ્રતિનિધિત્વ કરવા અને મુક્ત, સમાવિષ્ટ અને નિયમો-આધારિત હિન્દ-પ્રશાંત ક્ષેત્ર માટે ઇન્ડોનેશિયા સાથે નજીકથી કામ કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.

# PM - INDIAN DIASPORA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે જકાર્તામાં ભારતીય સમુદાયના સ્વાગતસમારંભમાં હાજરી આપી હતી. ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો પણ આકાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદી સાથે જોડાયા હતા. સભાને સંબોધતા, શ્રી મોદીએ ભારતીય સમુદાયની પ્રશંસા કરી હતી જેમણે ઇન્ડોનેશિયાની પ્રગતિ અને સમૃદ્ધિમાં યોગદાન આપ્યુંછે અને બંને દેશો વચ્ચે મિત્રતાના જીવંત સેતુ તરીકે સેવા આપી છે. . શ્રી મોદીએભારતીય સમુદાયને વિકાસશીલ ભારત 2047 અને ઇન્ડોનેશિયા એમાસ 2045 ની સહિયારી આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં યોગદાન આપવા અપીલ કરી હતી.

## (BYTE - PM-MODI-ON-2047)

# PM-AUSTRALIA VISIT

ત્રણ દેશોના  પ્રવાસના બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેલબોર્ન પહોંચશે, જ્યાં તેઓ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ સાથે ત્રીજા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી મોદી ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમમાં પણ ભાગ લેશે, જ્યાં તેઓ બંને દેશોના ટોચના ઉદ્યોગપતિઓની બેઠકને સંબોધિત કરશે. શ્રી મોદી ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

# PMO

પ્રધાનમંત્રી કાર્યાલયે અલ નીનોની અસર અને તૈયારીના પગલાંની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી હતી. સેવા તીર્થ ખાતે પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. પંદરથી વધુ મંત્રાલયોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો.

બેઠકમાં શ્રી મિશ્રાએ પશુ ચારાની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવા અને પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધતાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે મંત્રાલયોને રાજ્યો સાથે નજીકથી કામ કરવા અને સમસ્યાઓનું અસરકારક નિરાકરણ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો .

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ – હંસીની વાજા)

(બેઠક દરમિયાન, હવામાન વિભાગના મહાનિર્દેશકે દેશમાં ચોમાસાની સ્થિતિ અને અલ નિનોની સંભવિત અસર અંગે માહિતી આપી હતી. કૃષિ મંત્રાલયના સચિવે ખરીફ ઋતુ દરમિયાન અલ નિનોની સંભવિત અસરને પહોંચી વળવા માટેની તૈયારીઓ અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગે જણાવ્યું કે જિલ્લાઓમાં પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને વર્તમાન પરિસ્થિતિ સ્થિર છે.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે હિટ વેવ, ઉચ્ચ ભેજ અને ડેન્ગ્યુના પ્રકોપ પર દેખરેખ રાખવા માટે માર્ગદર્શિકા જારી કરી. ગ્રાહક બાબતો વિભાગે ચોખા, ઘઉં અને કઠોળ માટે છૂટક ભાવ અને બફર સ્ટોક પર્યાપ્તતા વિશે માહિતી પૂરી પાડી હતી. ખાતર વિભાગે રવિ પાક માટે પૂરતી ઉપલબ્ધતા વિશે માહિતી પૂરી પાડી હતી.

ગ્રામીણ વિકાસ વિભાગે વિકાસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન હેઠળ 1 જુલાઈથી શરૂ થયેલા કાર્ય વિશે, કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગે આબોહવા-સ્થિતિસ્થાપક બીજ જાતોના પ્રસાર વિશે માહિતી અને વીજળી વિભાગે ઉત્પાદન અને ઉપલબ્ધતાની સ્થિતિ શેર કરી હતી.)

------------------------

પુલ , નીકીતા – ધ્વનિત રાવલ

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAISHANKAR-BAHRAIN-VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે ભારત-બહેરીન સહયોગ સતત મજબૂત થઈ રહ્યો છે.

શ્રી જયશંકરે ગઈકાલે બહેરીનની તેમની બે દિવસીય મુલાકાત પૂર્ણ કરી. મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકરે રાજા હમાદ બિન ઇસા અલ ખલીફા, પ્રધાનમંત્રી સલમાન બિન હમાદ અલ ખલીફા અને નાયબ પ્રધાનમંત્રી શેખ ખાલિદ બિન અબ્દુલ્લા અલ ખલીફા સાથે મુલાકાત કરી હતી. આ બેઠકો દરમિયાન, વિદેશ મંત્રીએ બહેરીન સાથે લાંબા સમયથી ચાલતી અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે બહેરીનમાં ભારતીય સમુદાયની સલામતી, સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા બદલ બહેરીનના નેતૃત્વનો આભાર માન્યો.

ડૉ. જયશંકરે બહેરીનના વિદેશ મંત્રી સાથે પણ દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને નેતાઓએ ભારત-બહેરીન સંબંધોની સમીક્ષા કરી અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવાના ઉપાયો પર ચર્ચા કરી. તેમણે બહેરીનમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરી.

# PURI - VIKSIT BHARAT CONCLAVE

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહપુરીએ જણાવ્યું છે કે જો આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર રહે અથવા ઘટેતો સ્થાનિક પેટ્રોલ અને ડીઝલના ભાવ સકારાત્મક દિશામાં આગળ વધવાની અપેક્ષા છે.મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસનો પુરવઠો સતત વધીરહ્યો હોવાથી ગ્રાહકો માટેનો દૃષ્ટિકોણ સાનુકૂળ રહેશે. નવી દિલ્હીમાં આયોજિત ડેવલપ ઈન્ડિયા સમિટ2026માં બોલતા, શ્રી પુરીએ જણાવ્યું હતુંકે ભારતે રાજદ્વારી જોડાણ, સમયસર નીતિગતહસ્તક્ષેપ, સ્થાનિક ઉત્પાદનમાં વધારોઅને આયાતના વૈવિધ્યકરણ દ્વારા તાજેતરના પડકારરૂપ વૈશ્વિક ઉર્જા સંકટનો સફળતાપૂર્વકસામનો કર્યો છે.

ઈંધણના ભાવ અંગે શ્રી પુરીએ કહ્યું કે ભારતમાં પેટ્રોલ અને ડીઝલનાભાવ છેલ્લા ચાર વર્ષમાં વૈશ્વિક સ્તરે સૌથી નીચા છે. તેમણે આનું કારણ કેન્દ્ર દ્વારા એક્સાઇઝડ્યુટીમાં ત્રણ વખત કરાયેલાઘટાડો ગણાવ્યો. સરકારની લાંબા ગાળાની ઉર્જા વ્યૂહરચના અંગે શ્રીપુરીએ જણાવ્યું  કે ભારતે ક્રૂડ ઓઈલનીખરીદી 21 દેશોમાંથી વધારીને લગભગ 40 દેશો કરી છે.

# GADAKARI

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમ એક વૈજ્ઞાનિક રીતે સાબિત પહેલ છે જેનાથી દેશને નોંધપાત્ર આર્થિક અને પર્યાવરણીય લાભ થયા છે.

નવી દિલ્હીમાં ડેવલપ્ડ ઇન્ડિયા સમિટમાં, શ્રી ગડકરીએ કેન્દ્ર સરકારના ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમનો બચાવ કર્યો, ટીકાકારોને મિશ્રિત બળતણને કારણે વાહનને સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય તેવું એક પણ ઉદાહરણ આપવા કહ્યું. તેમણે દાવો કર્યો કે કોઈ ઘટના બની નથી. શ્રી ગડકરીએ ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા અને અશ્મિભૂત બળતણની આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે વૈકલ્પિક બાયોફ્યુઅલને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સાંભળીએ એક અહેવાલ

## (BYTE-AMISHA)

આ ઉપરાંત શ્રી ગડકરીએ નવી દિલ્હીમાં બિહાર અને કેરળમાં ચાલી રહેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગ કોરિડોર પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, શ્રી ગડકરીએ ચાલુ કાર્યોની સ્થિતિની સમીક્ષા કરી અને તેણે સમયસર પૂર્ણ કરવાના મહત્વ પર ભાર મૂક્યો.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે માહિતી આપી છે કે આગામી 2-3 દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ ઉત્તર અરબી સમુદ્રના બાકીના ભાગો, રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ છે. હવામાન વિભાગે આજે ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ, સિક્કિમ, મહારાષ્ટ્ર, દરિયાકાંઠાના કર્ણાટક, પૂર્વ રાજસ્થાન, ગુજરાત, કોંકણ અને ગોવા અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદની પણ આગાહી છે.

ગુજરાત, કર્ણાટક, તમિલનાડુ પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં ગાજવીજ સાથે વાવાઝોડાની આગાહી છે. IMD એ જણાવ્યું હતું કે આજે આંધ્રપ્રદેશ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડા, તોફાની પવન અને વીજળી પડવાની શક્યતા છે.આ દરમિયાન, રાષ્ટ્રીય રાજધાનીના ઘણા ભાગોમાં આજે સવારે વરસાદ વરસ્યો હતો.

# GUJARAT RAIN

ગુજરાત રાજ્યમાં આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. છેલ્લા ચોવીસ કલાકમાં 195 તાલુકામા વરસાદ પડ્યો છે. સુરતના પલસાણામાં આશરે 18 ઈંચ, કામરેજમાં 17 ઈંચ, નવસારીમાં સાડા 15 ઈંચ, સુરત શહેરમાં 14 ઈંચ, કપરાડામાં 12 ઈંચ વરસાદ નોંધાયો છે. જેને પગલે તંત્ર પણ એલર્ટ મોડમાં જોવા મળી રહ્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સંભાવનાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને સલામત સ્થળોએ સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે જ જરૂરિયાત મુજબ તાત્કાલિક રાહત તથા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અસરગ્રસત વિસ્તારોમાં SDRF અને NDRFની ટીમો તકેદારીના ભાગરૂપે ખડેપગે રાખવામાં આવી છે

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ અમદાવાદ બ્લાસ્ટના 38 આતંકીઓને ફાંસીની સજા યથાવત અને આજે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહીની સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે આજે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી, સુરતમાં 85 વર્ષનો રેકોર્ડ તૂટ્યો ઈતિહાસમાં પ્રથમવાર માત્ર વરસાદી પાણીથી પૂર, 11 મોત............
- સંદેશ અખબારની હેડલાઈન છે 38 આતંકીની ફાંસીની સજા હાઈકોર્ટે માન્ય રાખી...
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે સુરતમાં મેઘતાંડવ, 12 કલાકમાં 14 ઈંચ...
- નવગુજરાત સમયનુ મુખ્ય શિર્ષક છે 38 આતંકીઓને ફાંસી, 11ને આજીવન કેદ...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો રાજ્યમાં એકસાથે ત્રણ શક્તિશાળી સિસ્ટમ સક્રિય, મેઘ મહેરથી સૌરાષ્ટ્રના જળાશયોમાં નવનીરની આવક, અમદાવાદ એરપોર્ટ પર હૈદરાબાદની મહિલા પાસેથી 98.78 લાખનુ 729 ગ્રામ સોનુ ઝડપાયું..શેત્રુંજી વિસ્તારમાંથી 4 આક્રમક વૃત્તિના સિંહને પકડી જંગલમાં છોડાશે..

# CRICKET

પુરુષોની T20 ક્રિકેટમાં, ઇંગ્લેન્ડે ભારતને 125 રનથી હરાવ્યું છે.પાંચ મેચની શ્રેણીની નોટિંગહામ ખાતે રમાયેલી ત્રીજી મેચમાં ગઈકાલે ઇંગ્લેન્ડે, ભારતને જીતવા માટે 202 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારતીય ટીમ 12 ઓવરમાં ફક્ત 76 રન જ બનાવી શકી. ઇંગ્લેન્ડ તરફથી જોશ ટોંગે 4 વિકેટ લીધી, જ્યારે જોફ્રા આર્ચરે 3 વિકેટ લીધી.

જોફ્રા આર્ચરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. આ જીત સાથે ઇંગ્લેન્ડે શ્રેણીમાં 2-0ની લીડ મેળવી લીધી છે.